પરિપત્ર

ક્રમાંકઃ બ-૧/ડીપી/૨૦૧૩/૧૧૬૩-૨૦૨૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

મહેસાણા, જિલ્લો.મહેસાણા,

તા.૭/૦૫/૨૦૧૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ બિનસરકારી માધ્યમિક/ઉ.મા શાળાઓ,

મહેસાણા જિલ્લો.

વિષયઃ બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃતી સમયે રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબત.

સંદર્ભઃ (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બમશ/૧૧/૨૦૧૩/૬૮/ગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૬/03/૨૦૧૩ અન્વયે

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ ઘ-પે-૧/૫૬૫૭-૮૪, તા.૨૬/03/૨૦૧૩

(3) આ કચેરીના પરિપત્ર શેરા ક્રમાંકઃ બ-3/વશી/૧૪૬૩-૧૭૩૩/૨૦૧૩, તા.૦૯/૦૪/૨૦૧૩

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત સંદર્ભવાળા (૧) ના પરિપત્રથી રાજ્યની સરકારી, બિનસરકારી માધ્યમિક/ઉ.મા. શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્ય ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃતિ સમયે બન્ને મળીને કુલ 300 દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. આ રૂપાંતર પ્રાપ્ત રજા તથા જમા રહેલી અર્ધ પગારી રજાના અડધા ભાગની રજા એમ બન્ને મળી કુલ 300 (ત્રણસો દિવસ) પુરા દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવાના નાણાં વિભાગના તારીખ ૧૬/૦૭/૧૯૯૯ ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવા માટેની સ્પષ્ટતા જાહેર કરવામાં આવેલ છે.

જેથી ઉક્ત સંદર્ભવાળા સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્રથી થયેલ જોગવાઇ મુજબ જિલ્લાની બિન સરકારી માધ્યમિક/ઉ.મા શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને નિવૃતિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર અંગેની દરખાસ્ત નીચે જણાવેલ સાધનિક કાગળો સામેલ રાખી આ કચેરીને મોકલી આપવાની રહેશે.

રજાનું રોકડમાં રૂપાંતર બીલની દરખાસ્ત આ કચેરીએ મોકલતાં પહેલાં શાળાના આચાર્યશ્રીએ પૂરેપૂરી ચકાસણી કરી કોઇ અધૂરાશ રહી ન જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

તેમજ અત્યાર સુધીમાં આ અંગે કોઇ ચૂકવણું કરવામાં આવેલ હોય તો પૂરતી કાળજી રાખી ફરીથી ચૂકવણું બેવડાઇ ન જાય તે જોવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૫/૦૧/૨૦૧૦ ના ઠરાવથી થયેલ જોગવાઇ મુજબ જે શૈક્ષણિક કર્મચારીઓ બાકીની ૧૫૦ રજાઓના લાભથી વંચિત રહ્યા છે તેવા શૈક્ષણિક કર્મચારીઓની દરખાસ્તો મોકલવાની થાય છે. જેથી આ અંગે પણ પૂરતી ચકાસણી કરી રજા રોકડ બીલની દરખાસ્તો મોકલી આપવા જણાવવામાં આવે છે.

**દરખાસ્ત સાથે રજૂ કરવાના થતા સાધનિક કાગળો**

- રજા રોકડમાં રૂપાંતર અંગેનું બીલ નકલ – ૦૨ માં
- રજાઓના હિસાબની સેવાપોથી
- શાળા સંચાલક મંડળનો ઠરાવ
- છેલ્લા પગારનું પ્રમાણપત્ર (એલ.પી.સી.)
- બેંક એકાઉન્ટ પાસબુકની નકલ તેમજ બેંક પત્રક
- વધુ ચૂકવણું થશે તો પરત ભરવા બંધાઉ છું તે અંગેની બાંહેધરી.
- વણ વપરાયેલી હક્ક રજાનું ગણતરી પત્રક.
- રજાનું રોકડમાં રૂપાંતર અંગેનો કાર્યાલય આદેશ. (શાળાનો)
- રજા રોકડમાં રૂપાંતર કરવા અંગેનું પત્રક નીચેના નમૂના મુજબ આપવું

| કર્મચારીનુંનામ | હોદ્દો | નિવૃતી તારીખ | મૂળ પગાર | EL | HPL | કુલ રજા | મળવાપાત્ર કુલ રકમ | અગાઉ મેળવેલ રકમ | મેળવવાની બાકી રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

જિલ્લા શિક્ષણાધિકારી
મહેસાણા, જિલ્લો.મહેસાણા